## <u>મુદ્દા. નં. ૫</u>
## <u>સામાજીક વનીકરણ કરવા માટે જમીનની માંગણી બાબત</u>

| | | | |
|---|---|---|---|
| ૧. | **જોગવાઈ** | : | સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ નં જમન /૩૯૮૬/૨૭૪૫/ ગ.તા ૩૦-૪-૮૭ (૪ હેકટરની મર્યાદામાં) |
| ૨. | **અરજી કોને કરવી** | : | વન વિભાગના સક્ષમ અધિકારીશ્રી એ, જિલ્લા કલેકટરશ્રીને, પરિશિષ્ટ – ૧/૫ મુજબ |
| ૩. | **નિકાલ માટેના સત્તાધિકારી** | : | જિલ્લા કલેકટરશ્રી |
| ૪. | **નિકાલની સમય મર્યાદા** | : | કલેકટરશ્રી ૧૫ દિવસ<br>મામલતદારશ્રી ૧૫ દિવસ<br>પ્રાંત અધિકારીશ્રી ૧૫ દિવસ<br><u>સર્કલઓફિસર/ગ્રામ્ય કક્ષા ૨૦ દિવસ</u><br>કુલ.... ૬૫ દિવસ |

- **અરજીમાં સંપૂર્ણ વિગતો સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવી રીતે ભરવાની રહેશે. તેમજ અરજી સાથે માગ્યાં મુજબના તમામ પુરાવાઓની પ્રમાણિત નકલ બીડવાની રહેશે. આ ઉપરાંત અરજી સાથે આપેલ ચેકલીસ્ટમાં તમામ મુદ્દાઓના જવાબ અવશ્ય આપવાના રહેશે. જો એક પણ વિગત અધુરી હશે કે પુરાવા રજુ કરેલ નહી હોય તો અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહી.**

**<u>અરજી સાથે નીચે મુજબના પુરાવાઓની પ્રમાણિત નકલો સામેલ કરવાની રહેશે.</u>**

૧ ગ્રામ પંચાયતનો સંમતિ ઠરાવ (અસલમાં) (પરિશિષ્ટ–૨/૫ મુજબ)
૨ માંગણીવાળી જમીનની હાલની સ્થળસ્થિતિ અંગેનું પંચનામું (પરિશિષ્ટ–૩/૫ મુજબ)
૩ અગાઉ માગણીવાળી જમીનની મંજુરી આપેલ હોય તો તેની વિગત (સંબંધિત હુકમોની પ્રમાણિત નકલો )
૪ માંગણીવાળી જમીનની ગામ ન.નં. ૭/૧૨ તથા ગામ ન.નં-૬ ની નકલ (અસલમાં)
૫ માંગણીવાળી જમીનની સ્થળસ્થિતિ દર્શાવતા નકશાના ટ્રેસીંગની નકલ (તલાટી/સર્કલ ઓફિસર દ્વારા પ્રમાણિત)

બાર–કોડ

## પરિશિષ્ટ–૧/૫

## ગૌચર જમીન ગ્રામવન ઉછેર યોજના માટે મેળવવા બાબત
## (સામાજીક વનીકરણ કરવા માટે)

કોર્ટ ફી

પત્ર નંબર : .............
કચેરીનું નામ : ..............
સરનામું :................
................
તારીખ :................

પ્રતિ ,
કલેકટરશ્રી,
કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી,

**વિષય :– ગ્રામવન ઉછેર માટે ગૌચરની જમીન મેળવવા બાબત**
મોજે................... તાલુકો.......... સર્વે નંબર/બ્લોક નંબર...........

જય ભારત સહ જણાવવાનું કે ગ્રામવન ઉછેર યોજના માટે ગૌચર જમીનની જરૂર છે જેની વિગતો નીચે મુજબ છે.

૧. જમીનની વિગતો :– ગામનું નામ સર્વે/બ્લોક નંબર ક્ષેત્રફળ

૨. કયા વર્ષ માટે ગ્રામવનની માંગણી છે? હંગામી છે કે કાયમી ધોરણે ? :–

૩. અગાઉ માંગણીવાળી જગ્યામાં ગ્રામવન કરેલ છે કે કેમ? :–

૪. પુનઃ માંગણીના કારણો :–

૫. ગૌચરની જમીન આપવા સામે અસંતોષ /કાયદો વ્યવસ્થાનો ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ છે કે કેમ? :–

૬. અન્ય જરૂરી વિગતો :–

સ્થળ :
તારીખ :

______________________
અધિકારીશ્રીની સહી/નામ /સિકકો

**–: એકરાર :–**

અમો અરજદાર અમારા ધર્મના સોગંદ ઉપર પ્રતિજ્ઞાપુર્વક એકરાર કરી આથી જણાવીએ છીએ કે, ઉપર અરજીમાં જણાવેલ તમામ વિગતો /હકીકત અમારી જાણ તેમજ માનવા મુજબ ખરી અને બરાબર છે. જો અરજીમાં જણાવેલ હકીકત ખોટી જણાય કે અમોએ જાણી બુઝીને ખોટી હકીકત / વિગત રજૂ કરેલ હોવાનું ધ્યાને આવે તો ખોટા દસ્તાવેજો રજુ કરવા બદલ અમારી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી શકાશે. તેમજ ખોટી હકીકત રજુ કરવી તે ફોજદારી ગુન્હો બને છે. તે હકીકત અમો સારી રીતે જાણીએ છીએ.

સ્થળ :
તારીખ :

............................................
(અધિકારીશ્રીની સહી / નામ / સિકકો)

**<u>પરિશિષ્ટ :–૨/૫</u>**
**<u>ગોચર જમીન ગ્રામવન ઉછેર યોજના માટે મેળવવા બાબત</u>**
**<u>(સામાજીક વનીકરણ કરવા માટે)</u>**

મોજે............. તાલુકો..............ની ગ્રામ પંચાયતની તારીખ.............ની સભાની કાર્યવાહી નોંધ.

ઠરાવ નંબર.........                                        તારીખ.............

મોજે................તાલુકો .............ના સર્વે/ બ્લોક નંબર ................ની એકર.........ગુંઠા........ વાળી જમીનમાં વનખાતાએ વનીકરણ કરી ગ્રામવન બનાવવાના હેતુ માટે મેળવવા પંચાયત સમક્ષ તારીખ................ ના પત્ર નંબર..................................... થી રજુઆત કરેલ છે. તેઓ આ જમીનનો ઉપયોગ જિલ્લા કલેકટરશ્રીની પુર્વ મંજુરી મેળવીને કરે તે શરતે તેઓને જમીન ફાળવવામાં પંચાયતનો કોઇ વાંધો–વિરોધ નથી તથા પંચાયત તેઓને જમીન ફાળવવા સંમત છે તે મુજબ ઠરાવ કરવામાં આવે છે.

અસલ ઠરાવબુક ઉપરથી નકલ કરી, પ્રમાણિત કરવામાં આવેલ છે.

...................................
તલાટીની સહી/નામ/સિકકો

## પરિશિષ્ટ :–૩/૫
## સ્થળ સ્થિતિ અંગેનું પંચનામું

| અ.નં. | નામ | ઉ.વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|---|
| (૧) | | | | |
| (૨) | | | | |

આથી અમો પંચો રૂબરૂ હાજર થઈ તલાટી કમ મંત્રીશ્રી .................ના પૂછવાથી જણાવીએ છીએ કે મોજે................. તાલુકો ............... ની નીચે જણાવેલ વિગતોવાળી જમીન ............... ગ્રામ પંચાયત હસ્તક ગૌચરની જમીન છે. આ જમીનનો વહીવટ ................. ગ્રામ પંચાયત હસ્તક છે. સદરહુ જમીનોમાં અન્ય કોઈ ઈસમોનું દબાણ કે કબજો કે વાવેતર થયેલ હોવાનું જણાતું નથી. આ તમામ જમીનો સ્થળે ખુલ્લી છે. સદરહુ જમીનોમાં વન વિભાગ દ્વારા સામાજીક વનીકરણના હેતુ માટે ગ્રામવન ઉછેર યોજના સારૂ માંગણી કરેલ છે. જેના અનુંસંધાને તલાટી કમ મંત્રીએ અમોને જણાવેલ છે. જે હકીકતથી અમો વાકેફ છીએ.

| અ.નં. | સર્વે/બ્લોક નંબર | ક્ષેત્રફળ(ચો.મી.) | દબાણ હોયતો તેનું ક્ષેત્રફળ | દબાણદારનું નામ |
|---|---|---|---|---|

માંગણીવાળી જગ્યાની ચતુ:સીમા નીચે પ્રમાણે છે.

પૂર્વે :–

પશ્ચિમે :–

ઉતરે :–

દક્ષિણે :–

(૧) પ્રશ્નવાળી જમીન હાલ સ્થળે ખુલ્લી છે/કોઈ વાવેતર છે/નથી.
(૨) પ્રશ્નવાળી જમીનમાં કોઈ ઝાડ આવેલ નથી/.......................ઝાડ આવેલ છે.
(૩) પ્રશ્નવાળી જમીનમાં કોઈ બાંધકામ થયેલ નથી.
(૪) પ્રશ્નવાળી જમીનમાંથી ઓ.એન.જી.સી.ની પાઈપ લાઈન પસાર થતી નથી/.......................મીટરના અંતરે આવેલ છે.
(૫) પ્રશ્નવાળી જમીનમાંથી ઈલિકટ્રીક લાઈન પસાર થતી નથી/ આશરે.....................મીટરના અંતરે .............છેડેથી પસાર થાય છે. જે બાંધકામ માટે નડતરરૂપ નથી/ છે.
(૬) પ્રશ્નવાળી જમીનમાંથી ટેલીફોન લાઈન પસાર થતી નથી/................મીટરના અંતરે પસાર થાય છે.
(૭) પ્રશ્નવાળી જમીન નજીક સ્મશાન આવેલ નથી/જમીનથી આશરે...........મીટર જેટલું દુર આવેલ છે.
(૮) પ્રશ્નવાળી જમીન નજીક રક્ષિત સ્મારક આવેલ નથી.
(૯) પ્રશ્નવાળી જમીન નજીક વન વિસ્તાર આવેલ નથી/ છે
(૧૦) પ્રશ્નવાળી જમીનથી આશરે...............મીટર દુર............ નામનુ તળાવ આવેલ છે/ જમીનની નજીક તળાવ આવેલ નથી.
(૧૧) પ્રશ્નવાળી જમીન પીયત થતી નથી.

ઉપર મુજબનું પંચનામું અમો પંચોના લખાવ્યા મુજબ બરાબર અને ખરું છે.  જે વાંચી સમજીને અમોએ નીચે સહીઓ કરેલ છે.

સ્થળ :  (૧) ..........................

તારીખ :  (૨) ..........................

રૂબરૂ

...............................
તલાટી કમ મંત્રીની સહી/ નામ/સિકકો

ઉપરોકત પંચનામાંમાં જણાવેલ વિગતોની  મે જાતે સ્થળ ઉપર ચકાસણી કરેલ છે.  જે બરાબર માલુમ પડેલ છે.

.............................................
સર્કલ ઓફિસરની સહી /નામ /સિકકો

**ચેકલીસ્ટ** (મુદ્દા.નં.૫)

## સામાજીક વનીકરણ કરવા માટે જમીનની માંગણી બાબત

(અરજદારે અરજી સાથે રજુ કરવાનું રહેશે.)

| અ.નં. | વિગત | હા/ના લાગુ પડતુ નથી | પાન નંબર |
|---|---|---|---|
| ૧ | અરજીપત્રક (પરિશિષ્ટ–૧/૫) | | |
| ૨ | નિયત કોર્ટ ફી સ્ટેમ્પ લગાડેલ છે? | | |
| ૩ | ગ્રામ પંચાયતનો સંમતિ ઠરાવ (અસલમાં) (પરિશિષ્ટ–૨/૫) | | |
| ૪ | સ્થળ સ્થિતિ અંગેનું પંચનામું (પરિશિષ્ટ–૩/૫) | | |
| ૫ | અગાઉ માંગણીવાળી જમીનની મંજુરી આપેલ હોય તો તેની વિગત | | |
| ૬ | માંગણીવાળી જમીનની ગામ.ન.નં. ૭/૧૨ તથા નં.૬ ની નકલ | | |
| ૭ | માંગણીવાળી જમીનના નકશાનું ટ્રેસીંગ | | |
| ૮ | બાર–કોડ સ્ટીકર લગાવેલ છે? | | |

સ્થળ :
તારીખ :

______________________

અધિકારીશ્રીની સહી/નામ/હોદ્દો

**ખાસ નોંધ : ચેકલીસ્ટના કોલમ નં. ૩માં " હા /ના અથવા લાગુ પડતું નથી" તેમ સ્પષ્ટ દર્શાવવું તથા સામેલ કરેલ પુરાવા કયા પાન નંબર ઉપર છે તે પણ દર્શાવવું. આ પૈકીના એક પણ મુદ્દાની પુર્તતા બાકી હશે તો અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.**

અરજીપત્રક સ્વીકાર્યું

........................................

જન સેવા કેન્દ્ર ફરજ પરના
કર્મચારીની સહી / નામ / સિકકો/ તારીખ